# જે બી પ્રાથમિક શાળામાં વાલી મીટિંગ યોજાઈ



ગાંધીનગર, તા. ૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં ધોરણ-૧થી ૩ના વિદ્યાર્થીઓના વાલીઓની મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

વાલીઓએ મોટી સંખ્યામાં આ ઉપક્રમમાં ભાગ લીધો હતો અને બાળકોના વિકાસ અંગે ચર્ચા-વિચારણા કરી હતી. વિદ્યાર્થીઓના વાચન, લેખન અને ગણનના અભ્યાસમાં ઝડપથી સુધારો થાય તે માટે શિક્ષકોએ વાલીઓ સાથે વિશદ ચર્ચા કરી હતી. વિષય નિષ્ણાત શિક્ષકોએ તમામ વિષયમાં કેવી રીતે તૈયારી કરવી અને વિષયોનું મહત્ત્વ શું છે તે અંગે તથા પરીક્ષાલક્ષી બાબતો, શિસ્ત, નિયમિતતા અને સારા સંસ્કારનું ઘડતર થાય તે અંગે વાલીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. બાળકોએ આ પ્રસંગે કાલીઘેલી ભાષામાં બોધ આપતા સુંદર સંવાદો-નાટકોની પ્રસ્તુતિ કરી હતી. વાલીઓએ પણ શાળાના શિક્ષણ અને પ્રવૃત્તિઓ અંગે પોતાના અભિપ્રાયો રજૂ કર્યા હતા.

આચાર્ય નીવાબેન પટેલના નેતૃત્વમાં આ વાલી મીટિંગ સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

# આઈઆઈટી ગાંધીનગરના ડિરેક્ટર પદ્મશ્રી

ગાંધીનગર, તા. ૧

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલૉજી ગાંધીનગરના ડિરેક્ટર પ્રો સુધિર જૈનને આ વર્ષના પ્રજાસત્તાક દિવસમાં વિજ્ઞાન અને ઈજનેરી ક્ષેત્રે વિશિષ્ટ સેવા આપવા બદલ પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા છે.

ડૉ જૈન હાલમાં આઈઆઈટી ગાંધીનગરના ડિરેક્ટર તરીકે ત્રીજી ટર્મમાં સેવા આપી રહ્યા છે, જેમાં તેઓ જૂન ૨૦૦૯ માં સ્થાપક ડિરેક્ટર તરીકે જોડાયા હતા. તેમણે આ સિદ્ધિને "સમગ્ર સમુદાયના પ્રયત્નો, બલિદાન અને સખત મહેનતની સામૂહિક પ્રશંસા" તરીકે વર્ણવી હતી. ડૉ જૈન ભૂકંપ એન્જિનિયરિંગના આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત વિદ્વાન અને ઉત્સાહી શૈક્ષણિક સંચાલક છે. તેમણે ૨૦૧૪-૧૮ દરમિયાન ઈન્ટરનેશનલ એસોસિએશન ફોર અર્થક્વેક એન્જિનિયરિંગના પ્રમુખ તરીકે સેવા આપી હતી. ૨૦૦૩માં તેઓ ઈન્ડિયન નેશનલ એકેડેમી ઓફ એન્જિનિયરિંગના ફેલો તરીકે ચૂંટાયા, અને ૨૦૧૩માં ન્યુઝીલેન્ડ સોસાયટી ફોર અર્થક્વેક એન્જિનિયરિંગ દ્વારા



લાઈફ મેમ્બરશીપ એનાયત કરાઈ. ડૉ જૈનના નેતૃત્વ હેઠળ, આઈઆઈટી ગાંધીનગરે અભ્યાસક્રમ, વિદ્યાર્થી બાબતો, ફેકલ્ટીની ભરતી, અને સંસ્થાકીય મેનેજમેન્ટમાં ફેકલ્ટી અને વિદ્યાર્થીઓ દ્વારા ઉત્કૃષ્ટતા લાવવા અને પ્રોત્સાહન આપવા માટે અનેક નવીનતાઓની શરૂઆત કરી છે. તેમણે આઈઆઈટી ગાંધીનગરના નવા કેમ્પસના વિકાસની આગેવાની લીધી, જેણે અનેક રાષ્ટ્રીય પુરસ્કારો જીત્યા છે અને ૫-સ્ટાર ગ્રિહા-એલડી રેટિંગ મેળવનાર ભારતનું તે પ્રથમ કેમ્પસ છે.

પ્રજાસત્તાક દિન પર આઈઆઈટી ગાંધીનગર ખાતે ધ્વજવંદન સમારોહમાં ડૉ જૈને કહ્યું: "અગિયાર વર્ષ પહેલાં, આપણને આ દેશની અન્ય સંસ્થાઓ કરતા અલગ રીતે આઈઆઈટી ગાંધીનગરને બનાવવાની તક મળી હતી. આપણે આઈઆઈટી ગાંધીનગરને બંધારણ આપવું પડશે, તે લેખિતમાં હોય તે જરૂરી નથી, પણ મૌખિક અથવા વ્યવહારમાં, આંતરિક રીતે વિચારવા કે કેવી રીતે આપણે જીવવું છે, આપણા સંબંધોને વિવિધ સ્તરે સંચાલિત કરવા છે, અને આપણી નૈતિકતા જાળવવી જોઈએ. દેશની અન્ય શૈક્ષણિક સંસ્થાઓ માટે આઈઆઈટી ગાંધીનગરને ઉદાહરણ બનાવવા માટે આપણે ઝડપી થવું પડશે, વધુ સુધારણા કરવી પડશે અને તેના દ્વારા રાષ્ટ્ર નિર્માણમાં ફાળો આપવો પડશે."

ડૉ જૈન રુરકી યુનિવર્સિટીમાંથી ઈજનેરી સ્નાતક, અને કેલિફોર્નિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, પાસડેનાથી સ્નાતકોત્તર અને ડોક્ટરલ ડિગ્રી ધરાવે છે. તેમણે ભારતમાં ભૂકંપ એન્જિનિયરિંગ પ્રેક્ટિસ અને શિક્ષણમાં મોટો ફાળો આપ્યો છે. તેઓ ભારતમાં ઘણા મહત્વના સિસ્મિક કોડના વિકાસમાં મદદરૂપ બન્યા છે, અને તેમણે તેમના શિક્ષણ કાર્યક્રમો દ્વારા હજારો વ્યાવસાયિક ઈજનેરો અને કોલેજ શિક્ષકોને ભૂકંપ એન્જિનિયરિંગમાં તાલીમ આપી છે. તેમણે આઈઆઈટી કાનપુર ખાતે નેશનલ ઈન્ફર્મેશન સેન્ટર ઓફ અર્થક્વેક એન્જિનિયરિંગની સ્થાપના કરી અને ભારત સરકાર દ્વારા સપોર્ટેડ, ભૂકંપ એન્જિનિયરિંગ એજ્યુકેશન (એનપીઈઈઈ) પર નેશનલ પ્રોગ્રામ બનાવ્યો. ડૉ જૈન ઘણા મોટા પ્રોજેક્ટ્સ, જેમ કે બ્રિજ, પેટ્રોકેમિકલ પાઈપલાઈન્સ અને કોંક્રિટ ડેમ માટે સલાહકાર તરીકે સેવા આપી ચૂક્યા છે અને ૧૫૦થી વધુ સ્કૉલરલી પેપર્સ પ્રકાશિત કર્યા છે. તેમના રસના સંશોધન વિષયોમાં નુકસાનકારક ભૂકંપ, રીઈન્ફોર્સ્ડ કોંક્રિટ ઈમારતો, પુલો અને સિસ્મિક કોડ્સનો અભ્યાસ સામેલ છે.

## ડાયરેક્ટ ❤ સે

બાલમંદિરથી લઈ કૉલેજ સુધી બધું જ ભણાવવામાં આવ્યું
ત્રિકોણ, ગુરુકોણ, લઘુકોણ, ષટકોણ....
પણ જીવનમાં જે હંમેશાં ઉપયોગી છે તે ક્યારેય નથી ભણાવવામાં આવ્યું
અને તે છે
દ્રષ્ટિકોણ.

## જન્મદિને વધામણી



**નીરંજના પ્રદીપસિંહ બિહોલા**
ટ્રસ્ટી, સરસ્વતી વિદ્યાલય
મો. ૯૯૦૯૪ ૧૨૨૬૯



**મીત કોયાણી**
સર્વ નેતૃત્વ ગૃપ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

### અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કૉલેજના

# વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણીમાં જોડાયા




ગાંધીનગર, તા. ૩૧

અશ્વિનભાઈ એ કોમર્સ કૉલેજના એનએસએસ યુનિટનાં ૧૦૦ કરતાંથી વધુ સ્વયંસેવકોએ રાજયકક્ષાના 'નેશન વોટર્સ ડે-૨૦૨૦'નાં કાર્યક્રમમાં ભાગ લીધો હતો. લોકશાહી મજબૂત બનાવવા માટે દર વર્ષે ૨૫મી જાન્યુઆરી યોજાતા આ કાર્યક્રમમાં એનએસએસના સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમમાં પ્રોગ્રામ ઓફિસર ડૉ. રણછોડ રથવીએ એનએસએસ લીડર રીના ડાયાણી, યુક્તા પટેલ, પ્રેક્ષા માવાણી, અવની ભૂવા, બંસી હલપાણી, છાયા ચાવડા, આશીષ પટેલ, કૃતિક પટેલ, મિનુલ વઢેર, ખેની ઉમંગ, હર્ષ ભડાવીયા વિદ્યાર્થી સ્વયંસેવકો કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્ત્વપૂર્ણ ફાળો આપ્યો હતો.



કલોલ તાલુકાની કોઠા પ્રાથમિક શાળા ખાતે ગાંધી નિર્વાણ દિનની ભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ સાથે મળીને ગાંધીજીને શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ





શ્રી ગજાનન સેવા સમિતિ શાળા આરોગ્ય કાર્યક્રમમાં ૧૯૯૭થી સહયોગી છે. અત્યાર સુધી એક લાખ સાઈઠ હજારથી વધારે બાળકોને તપાસી દવા આપી છે. ગુરુવારના દિવસે દહેગામ તાલુકાના દેવકરણના મુકામે ત્રિલોકચંદ્ર વિદ્યામંદિરના ૫૧૯ વિદ્યાર્થી તથા પાસેના બારીયા માધ્યમિકના ૨૩૦ વિદ્યાર્થીને તપાસી દવા આપી હતી.

સમગ્ર દિવસ ચાલેલ આ સેવાકાર્યમાં ડૉ. કૃષ્ણાનંદ ચિતાણીયા તથા ડૉ. બોધાણીજીએ સેવા આપી હતી. સાથે મિલિન્દ ગુપ્તે તથા યોગેશ હતા. સમગ્ર કાર્યક્રમ કલ્પતરુ કેપીટીએલ દ્વારા પ્રાયોજિત હતો.

ઈન્સ્ટિટ્યૂટ એડવાન્સ્ડ રિસર્ચ દ્વારા વિજ્ઞાન અને સ્ટાર્ટઅપ કોનક્લેવની ત્રીજી આવૃત્તિ, એક વ્યક્તિની શૈક્ષણિક કુશળતા, વર્ક કુશળતા અને જીવન કુશળતા વચ્ચેના તેના સ્થાપિત જોડાણને સ્થાપિત કરવા અને મજબૂત કરવા માટે આ વર્ષે ફરી યુરેકા-૩નું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમને સંબોધી સંસ્થાના પ્રેસિડેન્ટ પ્રોફે. રાવ ભામીદીમારીએ જણાવ્યું કે "૨૦૧૧માં સ્થાપિત યુનિવર્સિટી ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ્ડ રિસર્ચનું પ્રાથમિક મિશન ગુજરાતમાં અને રાષ્ટ્રીય સ્તરે યુવાનોમાં ઉદ્યોગસાહસિકતાની માનસિકતાને પ્રોત્સાહન આપવાનું છે. અમારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને એન્ટરપ્રીનીયોરને પ્રોત્સાહન આપવા માટે પાઠ્યક્રમ અને સહકાર્યક્રર્મો વિકસાવીને મદદ કરવા ઉપરાંત અમે ગુજરાતની અન્ય તમામ શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓના લાભ માટે કાર્યક્રમો બનાવીએ છીએ અને તેને પહોંચાડીએ છીએ."




ડો. ગિતિકા સલુજા, ડો. આલોક પંડ્યા અને રાઘવ જોશીની આગેવાની હેઠળની આયોજક સમિતિ અને ટીમ યુરેકા ૩.૦ એ સમગ્ર ગુજરાતના શાળા અને કોલેજના વિદ્યાર્થીઓને એક તક આપવાનો નમ્ર પ્રયાસ છે.

# પીડીપીયુ દ્વારા નિયોન રશ યોજાઈ







ગાંધીનગર, તા. ૧

પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને સ્ટાફે ૩૦ જાન્યુઆરીના રોજ ૯ કિમી લાંબી દોડનું આયોજન કરીને મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી. નિયોન-રંગીન ટી શર્ટ અને બેન્ડ પહેરીને, પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીના ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ, સ્ટાફ અને ફેકલ્ટીએ નિયોન રશમાં ભાગ લીધો હતો. રન જે તેના ચોથા વર્ષમાં છે, સાંજે ૪ વાગે શરૂ થઈ હતી. દોડવીરોએ યુનિવર્સિટી કેમ્પસ અને આસપાસના વિસ્તારને રનમાં આવરી લીધો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ૯મી બટાલિયનના કર્નલ પી દામોદરન ઉપસ્થિત રહ્યા હતા. આ દોડમાં બોય્ઝ કેટેગરીમાં અનુક્રમે ઝૈમલ, યાકુબા અને જમશેદ રાઠોડ, ગર્લ્સ કેટેગરીમાં અનુક્રમે પર્ણિકા મિત્રા, ઝલક પટેલ અને જસલીન સાહની વિજેતા બન્યાં હતાં. રનના અંતે વિજેતાઓને મૅડલ અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

# ગાંધીનગરમાં રાષ્ટ્રકક્ષાની 'આરોહણ' સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરની શ્રી જયરામભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ (SJPI) (NICM) એમ.બી.એ. કોલેજ દ્વારા ૧ ફેબ્રુઆરી, ૨૦૨૦ ના રોજ નેશનલ લેવલની મેનેજમેન્ટ ઈવેન્ટ 'આરોહણ ૨૦૨૦'નું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર દિવસ ચાલનાર આ ઈવેન્ટમાં બિઝનેસ ક્વિઝ, એડ મેડ શો, ડાન્સિંગ, ટ્રેઝર હંટ, રંગોલી, ટીકટોક જેવી રંગારંગ કોમ્પીટીશન્સ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેનાં વિજેતાઓને સર્ટીફીકેટ તથાં




પુરસ્કાર પેટે લગભગ અંકે રૂપિયા ૬૦,૦૦૦ થી વધુનાં ઈનામો એનાયત કરવામાં આવ્યા. દર વર્ષે આરોહણનું સુંદર મજાનું આયોજન થાય છે જેમાં આ વર્ષે ખુબ સુંદર પ્રતિસાદ આપતાં ગુજરાત ભરની વિવિધ અંડર ગ્રેજ્યુએટ ને પોસ્ટ ગ્રેજ્યુએટ કૉલેજીસના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ વિશે (SJPI) કેમ્પસ (NICM) એમ.બી.એ. કોલેજના ટ્રસ્ટી શ્રી જયપ્રકાશ પટેલ અને ડિરેક્ટર ડૉ. બી કે નિર્મલે જણાવ્યું હતું કે, 'મને જણાવતાં આનંદ થાય છે કે આ નેશનલ લેવલની ઈવેન્ટ મેનેજમેન્ટ એક્ટિવિટીઝમાં ગુજરાતભરની વિવિધ કોલેજોના અંડર ગ્રેજ્યુએટ તથા પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાના લગભગ ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને વિજેતાઓને પુરસ્કાર પેટે રૂપિયા ૬૦,૦૦૦ની માતબર રકમ એનાયત કરાઈ છે.'

આ શુભ અવસરે અતિથિ વિશેષ તરીકે શ્રી પુલક ત્રિવેદી – સચિવ ગુજરાત અકાદમી અને સંયુક્ત માહિતી નિયામક અને સિનિયર કામાંડેટ ભારદ્વાજજી ની સવિશેષ ઉપસ્થિત રહી હતી અને આખીય ઈવેન્ટનું ઓબ્ઝર્વેશન તથાં વિદ્યાથીઓને પ્રોત્સાહન આપવાનું શુભકાર્ય કર્યું હતું.

### ગાંધીનગરના રાધે-રાધે ગૃપ દ્વારા મુંબઈમાં ઐતિહાસિક શૌર્ય મહાયાત્રા યોજાઈ

# ૧૫૫૧ ફૂટનો રાષ્ટ્રધ્વજ મુંબઈએ વધાવ્યો

ગાંધીનગર, તા. ૧

મુંબઈ તથા મહારાષ્ટ્રના ઈતિહાસમાં સૌપ્રથમ વખત ૨૬ જાન્યુઆરીના દિવસે રાધે-રાધે પરીવાર ગ્રુપ,ગાંધીનગર દ્વારા ૧૫૫૧ ફૂટ લાંબા ધ્વજ સાથે શૌર્ય મહાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

નાગરિકો રાષ્ટ્ર નિર્માણમાં સહભાગી થાય, રાષ્ટ્રનાં પ્રતિકોનું મહત્વ સમજે, સ્વતંત્રતાનું મૂલ્ય જાણે અને તેનું જતન કરે તેમજ દેશપ્રેમ ઉજાગર કરે અને શહીદોની શહાદતને યાદ કરી ભારતીય સંસ્કૃતિનાં વરસાને ઉજાગર કરે તે માટે મુંબઈ તથા મહારાષ્ટ્રમાં ૧૫૫૧ ફૂટ લાંબા અને ૧૦ ફુટ પહોળાઈ ધરાવતા તિરંગા સાથે ઐતિહાસિક ભવ્ય શૌર્યમહાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

૩૫૦ કિલો વજન ધરાવતો તિરંગો લઈ મુંબઈની અલગ સંસ્થાના વિદ્યાર્થિઓ તથા પેપરવાલા, મચ્છી વાલા, ડબ્બાવાલા, આદિવાસી મિત્રો, હિન્દુ સંગઠનો , મુસ્લિમ સંગઠનો સહિત અન્ય લોકો યાત્રામાં જોડાયા હતા. મુંબઈ જેવા ફાસ્ટટ્રેક શહેરમાં ૭ કિલોમીટરના વિસ્તારમાં ૫૦૦૦થી પણ વધારે વિદ્યાર્થીઓ આ મહાયાત્રામાં જોડાયા હતા. મુંબઈ શહેરના વિક્રોલી ખાતે તિરંગાનાં સન્માન સાથે સ્વાગત કરવા જનભેદની ઉમટી હતી.

ગાંધીનગરથી રાધે-રાધે પરીવારના મિત્રોની બસ જ્યારે



મુંબઈ જવા રવાના થઈ ત્યારે ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયર રીટાબેન કેતનકુમાર પટેલ અને રોટરી કલબ ઓફ ગાંધીનગરના પ્રેસિડેન્ટ ડો. ધર્મેન્દ્રભાઈ પટેલના હસ્તે બસને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. ગાંધીનગર મહાનગરપાલિકા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, સ્વચ્છ ભારત અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર ડો. પવન અગ્રવાલ, સુરત મહાનગરપાલિકાના કોર્પોરેટર ગેમરભાઈ દેસાઈ, ગાંધીનગર અને ડીસાના સ્વચ્છ ભારત અભિયાન બ્રાન્ડ એમ્બેસેડર તથા અભિનેતા એવા જનકભાઈ ઠક્કર આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર યાત્રાને સફળ બનાવવા સુરત ના જાણીતા ઉદ્યોગપતી, લક્ષ્મીપતી સાડી ગ્રુપના માલિક સંજયભાઈ સરવાગી દ્વારા રાધે-રાધે પરીવાર ગ્રુપને આ વિશાળ રાષ્ટ્રધ્વજ નિઃશુલ્ક આપવામાં આવ્યો હતો. સાથે સાથે ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝ્યુમર વેલ્ફેર કમિટી, કમલાબાઈ એજ્યુકેશન ટ્રસ્ટ, ગુજરાત રાજ્ય હાથશાળા અને હસ્તકલા વિકાસ નિગમ લીમીટેડ, શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ પરીવાર સેક્ટર ૨૫, કડી સર્વ વિશ્વ વિદ્યાલય, સર્વ નેતૃત્વ ગ્રુપ, રોટરી કલબ ઓફ ગાંધીનગર, એમ. એસ. ડબલ્યુ વિભાગ (ksv), ગાંધીનગર મીઠાઈ ફરસાણ એસોસિયેશન, દેશી જુગાડ કેફે, રતલામ કેફે, બંસરી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, વિહત ટ્રાવેલ્સ જેવી અનેક સંસ્થાઓનો સહકાર પણ આ મહાકાર્ય માટે સંસ્થાને મળ્યો હતો. આ યાત્રાનું પ્રસ્થાન ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, ઘાટકોપર ફ્લાયઓવર બ્રિજથી કરાવવામાં આવ્યું હતું. સમાપન રાજશ્રી શાહુ મહારાજ મેદાન, ટાગોર નગર, વિક્રોલી ખાતે થયું હતું. યાત્રાની શરૂઆતમાં આંતરરાષ્ટ્રીય કથાકાર ભૂપેન્દ્રભાઈ પંડયાજી અને બ્રહ્મનાદ ફાઉન્ડેશનના સમીર પંડયાની ટીમ દ્વારા શંખનાદ (વિજયનાદ) કરવામાં આવ્યો હતો. રાધે-રાધે પરીવાર, ગાંધીનગર દ્વારા ૪૦ વિદ્યાર્થીઓ અને ૨૦ વિદ્યાર્થિનીઓ એમ કુલ ૬૦ ટીમે મુંબઈ, મહારાષ્ટ્રમાં 'મેરા તિરંગા મેરી પહચાન હૈ'ના વિચારને સાચા અર્થમાં સાર્થક કર્યો હતો અને ઈતિહાસ રચવામાં સહભાગી થયા હતા.